# જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન
## ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ

"સ્વામી વિવેકાનંદભવન" આઝાદ ચોક જૂનાગઢ–૩૬૨૦૦૧
ફોનં નં. ૦૨૮૫–૨૬૨૨૦૮૯, ફેકસ નં. ૦૨૮૫–૨૬૫૧૫૧૦
ઈ–મેલ – municipalcorporationjund@yahoo.co.in


જૂ.મ.ન.પા./એડીએમ /ફાયર નં. 213/2016 તા. 1-12-2016

# કોમર્શીયલ બિલ્ડીંગ ફાયર સેફટી મેનેજમેન્ટ સરકયુલર-15

આથી ફાયર સેફટી મેનેજમેન્ટ માસ પબ્લીક અવેરનેસના ભાગરૂપે અને ભારત દેશમાં બનેલ તમામ મોટી કોમર્શીયલ બિલ્ડીંગમાં ફાયર જેવી ખતરનાક દુર્ઘટના જુનાગઢ શહેરમાં ન બને તે માટે ગુજરાત રાજયના જૂનાગઢ શહેરની જાહેર જનતાને ખાસ જાગૃત કરવામાં આવે છે કે, જુનાગઢ શહેરની કોઈપણ સરકારી કે પ્રાઈવેટ કોમર્શીયલ બિલ્ડીંગમાં અત્યંત જવલનશીલ કેમીકલ, ગેસ, ઈલેકટ્રીકલ, મશીનરી, સ્ટેશનરી, ફર્નીચર તથા અન્ય પ્રકારની ડેકોરેશન મટીરીયલમાં આગ લાગવાના ખતરા રહેલા હોય છે. જો કોમર્શીયલ બિલ્ડીંગ જેવા મહત્વના બિલ્ડીંગો જેવા સ્થળોમાં જ આગ લાગે તો વર્કર્સ, સ્ટાફ તથા મુલાકાતીઓ ને આગથી જાનમાલનું નુકસાન થવાની શકયતા રહેલા હોય છે. જેથી શરૂઆતના સ્ટેજમાં ફાયર ફાઈટીંગ થઈ શકે તે માટે કોમર્શીયલ બિલ્ડીંગ માં ગુજરાત સ્ટેટ ફાયર પ્રીવેન્શન એન્ડ લાઈફ સેફટી મેજર્સ એકટ–૨૦૧૩, નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા ૨૦૦૫ પાર્ટ–૪ ફાયર લાઈફ સેફટી મેજર્સ, જનરલ ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન ફાયર સેફટી મેજર્સ તથા બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ કોડ મુજબ જરૂરી ફાયર સેફટી મેનેજમેન્ટ સીસ્ટમ ૨૪×૭ કલાક અસરકારક પરિસ્થતિમાં રાખવી ફરજીયાત છે.

જેથી ભવિષ્યમાં શરૂઆતની આગને પ્રાથમિક સ્વરૂપમાં જ ઝડપથી શોધીને કાબુમાં લઈ શકાય અને મોટી જાનહાની કે સંપતિને નુકસાન થતુ રોકી શકાય છે.

(પ્રદિપસિંહ રાઠોડ)
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર,
જૂનાગઢ મહાનગરપાલિકા.

"ફાયર પ્રીવેન્શન પ્રીપેરડનેશ ઈઝ બેટર ધેન ફાયર ફાઈટીંગ ઓપરેશન"